# ગ્રીનસીટી ગાંધીનગર બન્યુ બર્નીંગ સીટી

## આખા રાજ્યમાં સૌથી વધુ ગરમી ગાંધીનગરમાં ૪૪.૫ ડિગ્રી : ગરમીથી જનજીવન પ્રભાવિત થયુ

ગાંધીનગર, તા. ૭

ગ્રીનસીટી તરીકેની ઓળખ ધરાવતુ રાજ્યનું પાટનગર ગાંધીનગર આજે બર્નીંગસીટી બન્યુ હતુ. આખા રાજ્યમાં સૌથી વધુ ગરમી ગાંધીનગરમાં ૪૪.૫ ડિગ્રી નોંધાયુ છે. જો કે રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે.

હવામાન ખાતાના સૂત્રોનું કહેવુ છે કે રાજ્યમાં ગરમીનું મોજુ યથાવત રહેશે. છેલ્લા એક મહિના કરતાં પણ વધુ સમયથી ગાંધીનગરનું તાપમાન ૪૦ ડિગ્રી કરતાં વધુ નોંધાયુ છે અને આજે તે ૪૪.૫ ડિગ્રીએ પહોંચ્યુ હતુ. જો કે રાત્રિના તાપમાનમાં થોડોક ઘટાડો નોંધાયો છે.

આકાશમાંથી અગનગોળા વરસતાં આજે રવિવારની રજા હોવા છતાં લોકોએ ઘરમાં રહેવાનું વધુ પસંદ કર્યુ હતુ. સવારે નવ વાગ્યાથી જ ગરમીનો પારો વધી જતો જણાયો હતો. ગરમીના પ્રકોપને પગલે જનજીવન પર તેની વિપરીત અસરો જોવા મળી હતી.

બપોરના સમયે તો પાટનગરના રસ્તાઓ સુમસામ થઈ ગયા હતા. ગાંધીનગરમાં તાપમાનો પારો વધતાં જ વિજળીના માંગમાં પણ વધારો થવા પામ્યો છે.

પાટનગરમાં આજે અસહ્ય ગરમીને પગલે પંખીઓ પણ ઝાડના છાંયડામાં છુપાઈ ગયા હતા એટલુ જ નહિ પશુઓને પણ છાંયડામાં પશુપાલકોએ રાખ્યા હતા.

અસહ્ય ગરમીને કારણે ઠંડા પીણાનુ બજાર થોડુક ગરમ જણાય છે. જોકે પાણીનો વપરાશ પણ વધવા પામ્યો છે. અસહ્ય ગરમીને પગલે લોકો બેચેની, બી.પી, તેમજ ઝાડાની ફરિયાદો સાથે ખાનગી દવાખાને પહોંચ્યા હોવાનુંપણ જાણવા મળેલ છે.



દરિયાકિનારા નજીકના શહેરી વિસ્તારોમાં પ્રમાણમાં ઓછુ તાપમાન જણાયુ છે. ગરમીના પ્રકોપને પગલે રજાનો માહોલ હોવા છતાં લોકો બહાર જવાનું ટાળી રહ્યા છે.

રાત્રિના તાપમાનમાં થોડોક ઘટાડો નોંધાયો છે પણ દિવસ દરમ્યાન લૂ સાથેના પવનની લહેરખીઓએ પાટનગરને હચમચાવી દીધુ હતુ.

ગાંધીનગરમાં એક તબક્કે જે વૃક્ષો હતા તેમાં ઘટાડો થતાં ગરમીનો પ્રકોપ વધી રહ્યાની વાતો લોકમુખે થવા લાગી છે. છેલ્લા પાંચ-સાંત વર્ષમાં જ ૧૦ હજારથી વધુ વૃક્ષો કાપવામાં આવ્યા છે અને એટલે જ આજે ગ્રીનસીટી બર્નિંગસીટી બની ગયુ હતુ.

# જિલ્લાના ૧૭ આરોગ્ય કેન્દ્રોના સ્ટાફ ક્વાટર્સ-ડિસ્પેન્સરી નવા બનાવાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તકના ૧૭ પ્રા.આ. કેન્દ્ર/પેટા આ. કેન્દ્રના મકાન, ક્વાટર્સ, સ્ટાફ ક્વાટર્સ, ડિસ્પેન્સરી મકાન, ડિમોલીશ કરવામાં આવશે.

આરોગ્યતંત્રના પી.આઈ.યુ. દ્વારા આ અંગે સર્વે કરી તૈયાર કરેલો અહેવાલ પંચાયતની ૧૧મી મળનારી સામાન્ય સભામાં રજુ થશે અને તેને સામાન્ય સભાની મંજૂરી મળતાં તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અગાઉ પણ ૩૦ જેટલા ડિસ્પેન્શરી અને આરોગ્ય કેન્દ્રો તોડી પાડી નવા બનાવવામાં આવી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા પેટા પ્રા.આ. કેન્દ્ર માટે ૧૫ લાખ અને પ્રા.આ. કેન્દ્ર માટે ૫૦ લાખ સુધીનો ખર્ચ ગ્રાન્ટ પેટે આપવામાં આવે છે.

મળતી વિગતો પ્રમાણે જે ૧૭ કેન્દ્રો તોડવામાં આવનાર છે તેમાં કલોલના બે, માણસાના ૩, દહેગામના ૫ અને ગાંધીનગરના ૭ કેન્દ્રોનો સમાવેશ થાય છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લા આરોગ્ય સમિતિએ ૧૦-૧૦-૧૬ની બેઠકમાં આ કેન્દ્રો તોડી પાડવાની મંજૂરી આપી હતી. આ પછી હવે સામાન્ય સભાની મંજૂરી માટે ખાસ સામાન્ય સભામાં આ પ્રસ્તાવ લઈ આવવામાં આવ્યો છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે પાનસર, હાજીપુરમાં સ્ટાફ ક્વાટર્સ સહિત પ્રા. આ. કેન્દ્રનું મકાન, ઉનાવામાં સુપરવાઈઝરનું સ્ટાફ ક્વાટર્સ, પેથાપુરમાં ડિસ્પેન્શરીનું સ્ટાફ ક્વાટર્સ, તેમજ મોટી આદરજના એમ.ઓ. સ્ટાફ ક્વાટર્સ જુની ડિસ્પેન્શરીને તોડી નાખવામાં આવશે. આ ઉપરાંત પેટા આરોગ્ય કેન્દ્રોના મકાનો છે.

# છેલ્લા બે વર્ષના વિકાસ કામો ૩૦ જુન સુધીમાં પૂર્ણ કરવા આદેશ

ગાંધીનગર, તા. ૭

૧૫-૧૬ અને ૧૬-૧૭ના વર્ષના આયોજન મંડળના વિકાસ કામો ૩૦-૬-૧૭ સુધીમાં પૂર્ણ કરવા માટેની કડક તાકીદ જિલ્લા વિકાસ અધિકારીએ કરી છે. જો કે ૧૭-૧૮ના નવા મંજૂર થેયલા કામો પણ સમયસર શરૂ થઈ શકે તે માટે તાંત્રિક મંજૂરીમાં મોકલી આપવાના અભિગમને બિરદાવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તક ચાલતા વિકાસકામો જે ૧૫-૧૬ના ૧૮ જેટલા કામો બાકી છે તે ૩૧-૫-૧૭ સુધીમાં પૂર્ણ થાય તે જોવા તેમણે કડક તાકીદ કરી છે. એ.ટી.વી.ટી. અંતર્ગતના આ કામો બાકી છે તે અંગે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી.

૧૬-૧૭ના વર્ષમાં ૭૦૦ જેટલા કામો પૂર્ણ થઈ ગયા છે તે માટે અભિનંદન આપી ૩૫૦થી વધુ કામો જે પ્રગતિ હેઠળ છે તે ૩૦-૬-૧૭ સુધીમાં પૂર્ણ કરવા જણાવ્યુ છે.

દહેગામ ગાંધીનગરમાં ચાલતા કામોમાં પ્રગતિ આવે તે માટે ખાસ ટકોર કરી હતી. આ બે તાલુકામાં હાલ ૧૮૦ જેટલા કામો પ્રગતિ હેઠળ છે અને તેમાં ગતિ લાવવા અધિકારીઓને ટપારી મોનીટરીંગ અસરકારક કરવા જણાવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

### આકરા એમ સી ક્યુના કારણે

# નીટની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે અઘરી પુરવાર થઈ

## ભૌતિક વિજ્ઞાનના પ્રશ્નોએ વિદ્યાર્થીઓને મુંઝવણમાં મુકી દીધા જીવવિજ્ઞાન અને કેમેસ્ટ્રીમાં પણ સમય ખુટ્યો

ગાંધીનગર તા ૭

મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ મેળવવા માટે આજે દેશભરના વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા આપી હતી. જેમાં ગુજરાત સહીત સમગ્ર દેશમાંથી ૧૧ લાખ જેટલા વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા આપી હોવાનો અંદાજ છે. ગાંધીનગરમાં પણ નીટની પરીક્ષા માટે પાછળથી સેન્ટર ઉમેરાયુ હતુ. ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે પણ નીટની પરીક્ષા પ્રમાણમાં અઘરી પુરવાર થઈ હોવાનુ વિષય નિષ્ણાંતોએ જણાંવ્યુ છે. વિદ્યાર્થીઓ માટે મુખ્ય બાયોલોજી વિષયની કસોટી એકંદરે ઠીક રહી હતી. પરંતુ ભૌતિક વિજ્ઞાનના પ્રશ્નોમાં વિદ્યાર્થીઓએ વધુ મુંઝવણ અનુભવી હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. ગણતરીવાળા પ્રશ્નોને વિશેષ સ્થાન અપાયુ હોવાના લીધે વિદ્યાર્થીઓ માટે પ્રશ્નો લેન્ધી પણ પુરવાર થયા હતા. આમ નીટની કસોટી વિદ્યાર્થીઓ માટે અઘરી પુરવાર થઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.



ગુજરાત શિક્ષણ બોર્ડમાં વિજ્ઞાન પ્રવાહના બી ગૃપમાં અભ્યાસ કરતા ઉપરાંત સી બી એસ ઈ તેમજ આઈસીએસઈ બોર્ડ સહીતના વિદ્યાર્થીઓ માટે મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માટે આજે નીટની પરીક્ષા યોજવામાં આવી હતી. આ પરીક્ષામાં કુલ ત્રણ વિષયના ૧૮૦ એમ સી ક્યુ પુછવામાં આવ્યા હતા. જેમાં બાયોલોજી વિષયમાં ૯૦ ગુણ ફિઝિક્સમાં ૪૫ અને કેમેસ્ટ્રી વિષયમાં ૪૫ ગુણના એમ લી કયુ પુછાયા હતા. કુલ ૭૨૦ ગુણના પ્રશ્નપત્રમાં ભૌતિક વિજ્ઞાનનુ પેપર વિદ્યાર્થીઓ માટે અઘરુ પુરવાર થયુ હતુ. અત્યાર સુધી ગુજરાત બોર્ડ પરીક્ષા તેમજ ગુજકેટના ગુણના આધારે મેડિકલમાં પ્રવેશ આપવામાં આવતો હતો. જયારે મેડિકલમાં પ્રવેશ માટે નીટ ફરજિયાતના આદેશ બાદ સમગ્ર દેશમાં હવે નીટની પરીક્ષાના આધારે પ્રવેશ આપવાનો નિર્ણય લેવાતા પ્રથમવાર ફરજિયાત પરીક્ષા લેવાઈ હતી. ગાંધીનગરમાં પણ વિવિધ સેન્ટરો પરથી વિદ્યાર્થીઓએ નીટની કસોટી આપી હતી. જેમાં સે-૩૦ કેન્દ્રીય વિદ્યાલય ,સે-૨૩ ગુરુકુલ તેમજ કોબા ડી પી એસ સ્કુલમાં નીટની પરીક્ષાના સેન્ટરમાં સમાવેશ કરાયો હતો. મેડિકલમાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓની આ પરીક્ષા દરમિયાન ભૌતિક વિજ્ઞાનનુ પેપર વિદ્યાર્થીઓ માટે વધુ અઘરુ રહયુ હોવાનુ બળવંતસિંહ રાજપુતે જણાંવ્યુ છે. વિષય નિષ્ણાંત અજયસિંહ રાજપુતે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે વિદ્યાર્થીઓને નીટની પરીક્ષાનુ પ્રશ્નપત્ર એકંદરે અઘુરુ લાગ્યુ હતુ. મુખ્ય વિષય જીવવિજ્ઞાનના પ્રશ્નો પ્રમાણમાં સરળ કહી શકાય તેવા હતા. બાયોલોજીના અંગ્રેજી પેપરના ગુજરાતી ભાષાંતરમાં ભુલો જોવા મળી હતી. ભૌતિક વિજ્ઞાનના પ્રશ્નોએ વિદ્યાર્થીઓને મુંઝવણમાં મુક્યા હતા. જેમાં પાંચ પ્રશ્નો ગણતરીવાળા હોવાથી વધુ લેન્ધી પુરવાર થતા સમય ખુટ્યો હતો. જયારે એક પ્રશ્ન સિલેબસ બહારનો પુછાયો હોવાનુ પણ તેમણે જણાંવ્યુ છે. પરીક્ષાની તૈયારીને લગતા મટીરીયલ્સ

● અનુસંધાન પાન-૭ પર

# નીટની પરીક્ષામાં બે પ્રશ્નપત્રો અલગ નિકળતા ભારે આક્રોશ

## નીટની પરીક્ષામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં અલગ પ્રશ્નપત્ર નિકળ્યુ હોવાનો આક્રોશ : શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં મુંઝવણ : ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને અન્યાય થયો હોવાનો સુર

ગાંધીનગર તા ૭

મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ માટે આજે લેવાયેલી નીટની પરીક્ષા આજે શૈક્ષણિક આલમમાં વિવિદાસ્પદ પુરવાર થઈ હતી. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે સમાન કસોટીના બદલે જુદા પ્રશ્નપત્રો રજુ કરાયા હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. જેમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનુ પેપર અત્યંત અઘરુ અને વિચિત્ર હોવાનો આક્રોશ પણ કેટલાક શિક્ષણવિદોએ વ્યક્ત કર્યો છે. જયારે અંગ્રેજી મીડિયમના વિદ્યાર્થીઓ માટેનુ પ્રશ્નપત્ર સરળ હોવાથી અન્યાય થયો હોવાની લાગણી પ્રબળ બની હતી. નિયમ મુજબ એકસરખી કસોટી યોજવાના બદલે જુદી સીરિઝવાળા પ્રશ્નપત્રના સ્થાને પેપર જ અલગ હોવાનો આક્રોશ પણ વાલીઓ અને વિદ્યાર્થીઓ ઠાલવી રહયા હતા. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે આ કસોટી અત્યંત અઘરી પુરવાર થઈ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેમાં પુસ્તક બહારના પ્રશ્નો પુછાયા હોવાના આક્રોશ સાથે પેપરમાં છબરડા હોવાથી પરીક્ષા રદ કરવા સુધીની પોકરા પણ ઉઠવા પામી હતી. જો કે કોમન ટેસ્ટમાં એક સરખુ જ પેપર હોય તેમ દ્રઢ પણે માનતા શિક્ષણવિદોને મોડે સુધી આ મામલે સમર્થન મળતુ ન હતુ. પરંતુ વિદ્યાર્થીઓ સહીત કેટલાક જાગૃત વાલીઓએ આ મામલે લડત આપવાની થાની લીધી હોવાનુ પણ મનાઈ રહયુ છે. ત્યારે મેડિકલમાં પ્રવેશ માટે પ્રથમવાર ફરજિયાત નીટની પરીક્ષાના પ્રારંભે જ વાલીઓ અને વિદ્યાર્થીઓમાં નવો અસંતોષ અને રોષ ફેલાયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.


સ્વરા ગાઈડ-૨૦૧૭
ઈન્ફોર્મેશન-બિઝનેશ ટેલીફોન ડિરેકટરી
સ્વરા ગાઈડ મેળવવાના સ્થળો
✔ જય બુક સ્ટોલ - પથિકાશ્રમ
✔ વિદ્યાર્થી બુક સ્ટોલ - સે.૬
✔ જય પુજાપા ભંડાર, શિવ શક્તિ મંદિર, સે-૭/સી
✔ હર્ષ ડિઝીટલ ફોટો, મેઈન શોપીંગ સેન્ટર, સે-૭
✔ વિદ્યા લાયબ્રેરી - સે.૧૬
✔ રવિ સ્ટેશનર્સ - સે.૨૦
✔ પાર્શ્વ સ્ટેશનર્સ - સે.૨૧
✔ ભારત લાયબ્રેરી - સે.૨૨
✔ રશિક જનરલ સ્ટોર્સ - સે.૨૪
✔ સ્ટુડન્ટ સ્ટેશનર્સ - સે.૨૯
Sponsor By.: 56Bhog (Gaglani & Co.)
079-65726565, 98242 33121
Published By :
SwarAmbica Infoprint Pvt. Ltd.
306, 3rd Floor, Shalin Complex, Sec.11, Ph. 079- 23242306



મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગાવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૩૭૫૭૧



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com